## આંક–૧(ચાર્જશીટ) લગત હુકમ

**(૧).** આ કામના આરોપીઓ સામે ધી એનીમલ ક્રુઅલ્ટી એકટ કલમ–૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ) તથા એમ.વી.એકટ કલમ–૧૯૨ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપીઓ અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો. કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપીઓએ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે. અને ત્યારબાદ આરોપીઓની ધી એનીમલ ક્રુઅલ્ટી એકટ કલમ–૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ) તથા એમ.વી.એકટ કલમ–૧૯૨ મુજબના ગુના માટે પ્લી/નિવેદન લેતા તેમાં પણ આરોપીઓએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

**(૨).** સજા બાબતે આરોપીઓને સંભળાવતા આરોપીઓએ મજુરી કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો આ પ્રથમવારનો ગુનો છે અને હવે પછી આવો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે. એ.પી.પી.એ. આરોપીઓને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

**(૩).** આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપીઓ વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**– : હુ ક મ : –**

આરોપીઓને ધી એનીમલ ક્રુઅલ્ટી એકટ કલમ–૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ) તથા એમ.વી.એકટ કલમ–૧૯૨ મુજબના ગુના માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી દરેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને દરેક આરોપીને રૂા.૨૦૫૦/– ( અંકે રુપીયા બે હજાર પચાસ પુરા) લેખે કુલ રૂા.૪૧૦૦/– (અંકે રૂપિયા ચાર હજાર સો પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીઓને ૫ દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી,સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૯–૦૯– ૨૦૨૩.

(ડી.આર.જોષી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨, અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૯૪૫